બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# હઝકિયેલ - દર્શનનો વ્યક્તિ



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Lazarus; Alastair Paterson

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2021 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઘણા વર્ષો પહેલાં, બળવાન સૈન્યોએ યહૂદીયા પર હૂમલો કર્યો તેઓએ ઈશ્વરના લોકોને બાબિલના બંદીવાસમાં લઈ ગયા.



પોતાના ઘરોથી દૂર યહુદી લોકો કબાર નદીના કિનારે વસવા લાગ્યા. આ લોકોની સાથે ઈશ્વરનો સેવક હઝકીયેલ પણ રહેતો હતો.



એક દિવસે ઈશ્વરે હઝકિયેલને દર્શન આપ્યું. ઈશ્વરનો મહિમા પ્રકાશરૂપે દેખાયો, જેમાં ચાર અગ્નિરૂપ પ્રાણીઓ દેખાયા. દરેકને ચાર માથા અને ચાર પાંખો હતી.



તે સર્વની ઉપર સુંદર નિલમ રંગનું રાજ્યાસન હતું જેમાં પ્રકાશ અને મેઘધનુષ્યનો સમાવેશ થયેલો હતો. જ્યારે હઝકિયેલે આ જોયું ત્યારે તેણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.



ઈશ્વરે હઝકિયેલ સાથે વાત કરી અને કહ્યું, “હું તને
ઈસ્રાએલના સંતાનો પાસે મોકલું
છું. તેઓને મારા વચનો
જણાવ, કારણ કે તેઓ
બળવાખોર થયા
છે.”



એક હાથ જેમાં ઓળિયું પકડેલું હતું તે તેને દેખાયું.
“આ ઓળીયું ખાઈ જા.” ઈશ્વરે તેને
કહ્યું, અને ઈસ્રાએલ લોકોને જઈને
સંદેશો આપ. કેવી વિચીત્ર
આજ્ઞા પણ હઝકિયેલે તે
ઓળીયું
ખાધું
અને તે
ત્યાંથી તેઓની પાસે ગયો.



ઈશ્વરનો આત્મા હઝકિયેલને ઉઠાવીને, કબાર નદીને પેલે પાર જ્યાં બીજા બંદીવાનો રહેતા હતા ત્યાં લઈ ગયો. તે સાત દિવસ સુધી જ્યાં બેઠો હતો ત્યાંનો ત્યાં જ બેસી રહ્યો, અને જે જોયું તે દ્વારા ખૂબ જ આશ્ચર્ય પામ્યો.



ત્યારબાદ ઈશ્વરે હઝકિયેલને
ચોકીદાર ઠરાવ્યો.
જ્યાં તેણે જે લોકો
ભૂંડાઈ કરે છે કે કેમ
તેની તપાસ રાખવાની
હતી અને ચેતવણી
આપવાની હતી જેથી
લોકો ઈશ્વરને
આધિન થાય.





હઝકિયેલ એવી વિચીત્ર બાબતો કરી કે જેથી તે લોકોને ઈશ્વરના વચનો સ્પષ્ટ રીતે જણાવી શકે. તેણે માટીના ઠીકરા ઉપર યરૂશાલેમનું ચિત્ર કોતર્યું.




કદાચ જયારે

તે મહાન યરૂશાલેમની છબી બનાવી રહ્યો હતો ત્યારે
લોકોએ તેના ખભા ઉપરથી ચિત્ર જોવા નજર કરી
હશે. તે દર્શાવવા માંગતો હતો કે ઈશ્વરનું આ
પવિત્ર શહેર થોડા જ સમયમાં નાશ પામવાનું છે.

ઈસ્રાએલ જે ઉત્તરનું રાજ્ય હતું તેમણે ૩૯૦ વર્ષ સુધી ઈશ્વરની આજ્ઞાનો અનાદર કર્યો. જ્યારે દક્ષિણનું રાજ્ય યહૂદીયા જેમણે ૪૦ વર્ષ સુધી ઈશ્વરને આધિન થયા નહિં. તેનાં જ કારણે ઈસ્રાએલનું ...



... રાજ્ય નાશ પામ્યું હતું અને યહૂદીયાનું રાજ્ય નાશ પામવા તરફ જઈ રહ્યું હતું. તેનાં જ કારણે ઈશ્વરે હઝકિયેલને કહ્યું કે તે ૩૯૦ દિવસ સુધી ડાબી બાજુએ સૂઈ જાય અને ૪૦ દિવસ સુધી જમણી બાજુ પર સૂઈ જાય.





કદાચ એ લોકોએ વિચારવાની
શરૂઆત કરી હશે કે હઝકિયેલ
એક વિચિત્ર વ્યક્તિ છે. ઈશ્વરે
જે કાંઈ તેને કહ્યું તેણે તે સઘળું
કર્યું. એક દિવસે તેણે પોતાનું
માથુ મુંડાવ્યું અને તેમાંથી ત્રીજા
ભાગના વાળ બાળી દીધા.





આ તેણે એ માટે કર્યું કે
ત્રીજાભાગના લોકો રોગ,
દુષ્કાળ અને બાબિલનું સૈન્ય
જ્યારે આ શહેર પર હુમલો
કરશે ત્યારે નાશ પામશે.

હઝકિયેલે બીજા ત્રીજા ભાગના વાળને તલવાર લઈને કાપી નાખ્યા. એટલે કે ત્રીજા ભાગના લોકો દુશ્મનોની તલવારથી મૃત્યુ પામશે. અન છેલ્લા ત્રીજા ભાગના વાળ હઝકિયેલે પવનમાં ઉડાડી દીધા.



પણ તેણે થોડા વાળ લઈને તેમને પોતાના લૂગડા સાથે સીવી લીધા, તે એ પ્રકારનું ચિત્તરૂપ થશે કે ઈશ્વર થોડા લોકોને સલામત રાખશે અને પાછા વચનના દેશમાં પાછા લઈ આવશે.



આ બહાદૂર પ્રબોધકે જણાવ્યું કે યહૂદીઓ
જ્યારે બંદી બનશે ત્યારે તેમની
પરિસ્થિતિ સારી થશે. તે
ઈચ્છા પૂરી થશે નહીં.
લોકો તેના પર ગુસ્સે
ભરાયા પણ તેણે
ઈશ્વરના વચન
બોલવાનું
ચાલુ રાખ્યું.



એક દિવસે તેણે ઈસ્રાએલના વડીલો પાસે
બેસીને તેને જે દર્શન દીધું હતું તે
તેણે તેમને જણાવ્યું. દર્શનમાં
તેણે જોયું કે, ઈશ્વર તેને
માથાના વાળ પકડીને
ઉંચકી લીધો અને
યરૂશાલેમ મંદિરમાં
લઈ ગયા.



આ મંદિરમાં ઈશ્વરે હઝકિયેલને પેટે ચાલનાર પશુઓ, અશુદ્ધ પ્રાણીઓ અને મૂર્તિઓ બતાવી. ઈશ્વરના મંદિરમાં આવું કશું હોવુ જોઈએ નહીં.



આગેવાનો ઈશ્વરની ઉપાસના કરવાને બદલે આ બધી વસ્તુની પૂજા કરતા હતા. ઈશ્વરે હઝકિયેલને જણાવ્યું કે તેનો મહિમા ...



... આ મંદિરને મૂકીને જઈ રહ્યો છે અને તેનો નાશ કરવામાં આવશે. જ્યારે આ દર્શન પુરું થયું ત્યારે તેણે આ બધુ યહૂદી લોકોને જણાવ્યું.





ઈશ્વરે જે કાંઈ કહ્યું હતું તે સઘળું પુરું થયું.
યરૂશાલેમનો નાશ થયો. ઘણા લોકોનો નાશ
થયો. જે યહૂદી લોકો બાબિલમાં બંદી બન્યા હતા
તેમણે તે બધું સાંભળ્યુ, ત્યારે વિચારતા થઈ
ગયા કે ઈશ્વરે તેમને ત્યજી દીધા છે.


પણ ઈશ્વરે તેના પ્રબોધક દ્વારા
બીજો એક સંદેશો મોકલાવ્યો.


તેણે હઝકિયેલને એક ખીણમાં લઈ ગયા જયાં મરેલા માણસોના હાડકાં હતા.

"હે મનુષ્યપુત્ર શું આ હાડકા જીવતાં થઈ શકે છે?" ઈશ્વરે હઝકિયેલને પૂછ્યું. "હે યહોવા ઈશ્વર તું સઘળુ જાણે છે." હઝકિયેલે જવાબ આપ્યો. અલબત્ત સૂકા હાડકા ફરી જીવતા થઈ શકતા નથી.



યહોવા ઈશ્વરે તને કહ્યું કે, “આ હાડકાઓને પ્રબોધ કર અને કહે કે, અરે, ઓ હાડકા તમે દેવ યહોવાનું વચન સાંભળો! તો તમે જીવતા થશો.” જ્યારે તે ઈશ્વરને આધિન થયો ત્યારે એક ભારે ખડભડાટ થયો. એવું કેવી રીતે થયું હશે?



જ્યારે પ્રબોધક તે આશ્ચર્ય સાથે જોવા લાગ્યો ત્યારે બધા હાડકાં એકબીજા સાથે જોડાવા લાગ્યા અને શરીરો અસ્તિત્વમાં આવ્યા.



ત્યારબાદ તેમની પર માંસ પણ આવ્યું.



ત્યારબાદ તેમની પર ચામડી ઉપસી આવી, પણ જીવનનો શ્વાસ ન હતો.



ત્યારબાદ યહોવા દેવે કહ્યું કે, “ઓ મનુષ્યપુત્ર, પ્રબોધ કર અને કહે કે ચારે દિશામાંથી પવન ફૂંકાય. આ મૃત દેહો પર ફૂંકાય એટલે તેઓ જીવતા થાય.” અને જ્યારે હઝકિયેલે એવું કર્યું ત્યારે તેઓમાં જીવનનો શ્વાસ આવ્યો.



તેઓ સઘળા જીવતા થયા અને તે પોતના પગ પર ઉભા થયા. એક મોટુ સૈન્ય ઉભુ થઈને આ ખીણને ભરી દીધી. જ્યારે યરૂશાલેમનો નાશ થયો ત્યારે બાબિલના યહૂદીઓને એવું લાગ્યું કે તેઓ આશા વિહિન બની ગયા છે, આ બાબત ઈશ્વરને ખબર હતી.



તેથી ઈશ્વરે હઝકિયેલના દર્શન દ્વારા તેમને સંદેશો મોકલ્યો. “આ હાડકાં ઈસ્રાએલના ઘરના લોકો છે.” ઈશ્વરે કહ્યું, “હું મારો આત્મા તમારા પર મોકલી દઈશ અને હું તમને તમારા વતનમાં પાછા વસાવીશ.”



ઈશ્વર તરફથી કેવી મહાન આશાનો સંદેશ હતો!
જ્યારે યહૂદીઓ પોતાના વતનમાં પાછા આવ્યા ત્યારે
હઝકિયે÷ દ્વારા ઈશ્વરનું આપે÷ું વચન પૂર્ણ થયું.



તેઓ જાણતા હતા કે ઈશ્વર તેમને પાછો ઘેરી લાવ્યો છે. ઈશ્વરનું વચન હંમેશા સાચુ ઠરે છે.



# હઝકિયેલ - દર્શનનો વ્યક્તિ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

હઝકિયેલ

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે.  તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬